ગાંધીનગર સમાચાર

# ચિલોડામાં જાહેરમાર્ગ પરથી નવજાત શિશુનું મૃત ભ્રૃણ મળી આવતા ખળભળાટ

## દાન-પૂણ્યના પર્વમાં જ પાપ છુપાવવાનું અધમ કૃત્ય, ગર્ભપરિક્ષણના પ્રતિબંધનો છડેચોક ભંગ સમાન ઘટના

ગાંધીનગર, તા. ૧૬

ચિલોડાના ભરચક ગણાતા સર્વિસરોડ નજીક શુક્રવાર વહેલી સવારે નવજાત શિશુનું મૃત ભ્રૃણ પડ્યુ હોવાના સમાચારે ખળભળાટ મચી ગયો હતો. વાયુવેગે પ્રસરી ચુકેલા આ સમાચારથી ઘટના સ્થળે લોક ટોળા ઉમટ્યા હતા. દાન-પૂણ્યના આ મહાન પર્વમાંજ અજાણી વ્યક્તિ દ્વારા થયેલ આ કૃત્યથી ચો-તરફ દીધુ છે. શુક્રવાર વહેલી સવારે ભગવતી પાર્લર અને મહેશ્વરી ટ્રેડર્સ નામની દુકાન આગળ સર્વિસ રોડ ઉપર જ નવજાત શિશુનું મૃતભ્રૃણ પડ્યુ હોવાના સમાચાર ફેલાયા હતા. આવતા-જતાં અને ગામમાંથી અનેક લોકો ઘટનાસ્થળે ઉમટી આ કૃત્ય કરનાર માટે ફિટકાર વરસાવી રહ્યા હતા.

શહેરોમાં ગર્ભ પરિક્ષણના પ્રતિબંધનો કડક પણે



ફિટકાર વરસતો હતો. ગર્ભ પરિક્ષણના પ્રતિબંધનુ સરેઆમ ઉલ્લંઘન થયું હોય તેવું આ ઘટના ઉપરથી લાગી રહ્યું છે. આ અંગેની જાણ પોલીસને થતા કાર્યવાહી હાથ ધરી છે.

વિશ્વ દિકરી દિવસની હમણાં જ ઉજવણી કરાઈ છે. અને દિકરા-દિકરી એક સમાન હોય છે તે માટેના તંત્રના અનેક પ્રયાસો છતાં ભ્રૃણ હત્યા અટકાવવાનું નામ જ લેતી નથી. પાટનગરના પડોશી એવા ચિલોડાના જાહેરમાર્ગ ઉપર જ નવજાત શિશુનું મૃત્યુ ભ્રૃણ મળી આવતા પંથકમાં ખળભળાટ મચ્યો છે. મકરસંક્રાંતિના દાન-પુણ્યના અતિ મહત્વ ધરાવતા તહેવારમાં જ બનેલી આ ઘટમનાએ પાપને છલકાવી અમલ થઈ રહ્યો છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક લાલચુ અને લેભાગુ બની બેઠેલા તબીબો દ્વારા ગેરકાયદેસર ગર્ભ પરિક્ષણ થતુ હોવાની શંકાઓ ઉભી થઈ છે. અને તેના થકી જ આવા મૃત ભ્રુણ જાહેરમાં દેખા દઈ રહ્યા છે. ચારથી પાંચ માસના અવિકસિત મૃત ભ્રુણ વિશે કોઈકે પોતાનું પાપ છુપાવવા આ અધમ કૃત્ય કર્યુ હોવાનું અનુમાન લોકો કરી રહ્યા હતા. તો બીજી તરફ દિકરા-દિકરીના ભેદ રાખીને દિકરી હોવાનું માલુમ પડતાં આવુ કૃત્ય કર્યુ હોવા અંગે પણ ચર્ચાઓ થઈ રહી છે. જો કે પોલીસે ઘટના સ્થળે દોડી આવી પંચનામુ કરી આ મૃતભ્રૃણની માતા વિશે તપાસ ઝડપથી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.






# દશેલા ગામે આર.સી. પટેલ શાળાની જનજાગૃતિ શિબિર

ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ માટે શિબિર જિલ્લાના દશેલા ગામ ખાતે યોજાઈ હતી. જેમાં સ્કુલના ૭૫ સ્વયં સહાયકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન, પાણી બચાવો, બેટી બચાવો, ગામ સફાઈ સહિતના કાર્યક્રમો રજુ કરાયા હતા. આ ઉપરાંત શિબિરમાં વ્યસન મુકિત અંગેના આયુર્વેદિક ઉપચારો અંતર્ગત પોસ્ટર દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના ઘરોની દીવાલોને સૂત્રલેખન દ્વારા સજાવી અને એઈડઝ, બેટી બચાવો જેવી સમસ્યાઓને નાટક દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા તથા જનજાગૃતિ પત્રિકાનું ગામમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અનુસંધાનમાં ગામના નિવૃત્ત આચાર્ય જીવાભાઈ પટેલ તથા રણછોડભાઈએ ઉત્તમ નાગરિક બનવા માટે રાખવી પડતી સાવધાની અને સદગુણો વિશેની માહિતી આપી હતી. આ શિબિરમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર સંજય ત્રિવેદી ગામના વડીલો તેમજ સરપંચ જસુભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

# સે-૨૦માં પાણીના બોરમાં મોટર પડી જતા સરકારી વસાહતમાં પાંચ દિવસે પાણી આવ્યુ

## સેકટરના બોરમાં મોટર પડી જતા કેબલ ફોલ્ટ સર્જાતા પાણી બુમ ઉઠવા પામી હતી : તંત્ર દ્વારા ખામીનુ નિવારણ રાબેતા મુજબ સપ્લાય શરૂ

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેકટર ૨૦ના સરકારી આવાસમાં છેલ્લા પાંચ દિવસથી પાણીની પોકાર ઉઠવા પામી હતી. જેના લીધે સરકારી આવાસ તેમજ સેકટરના કેટલાક ખાનગી મકાનોમાં પણ તંત્ર દ્વારા ટેન્કર મારફતે પાણી સપ્લાય કરવામાં આવ્યુ હતુ જો કે પાણીની મોટર બોરમાં પડી જતા સર્જાયેલી સમસ્યાનુ તંત્ર દ્વારા નિવારણ લવાતા રૂટીન મુજબ પાણી પુરવઠો આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં સેકટરવાસીઓની પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા સરેરાશ ૪૫ થી ૫૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવ્યા બાદ જુના અને નવા સેકટરોમાં પાણીની સમસ્યા હલ થઈ ગઈ હોવાનુ પણ મનાઈ રહયુ છે. આમછતા પાણીની સપ્લાય વ્યવસ્થામાં ખામી સર્જાય તેવા સંજોગોમાં સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમરાણ ઉઠવા પામે છે. શહેરના સે-૨૧માં જ અને છ કેટેગરીના સરકારી આવાસોમાં પણ છેલ્લા પાંચ દિવસથી પાણીની સમસ્યા સર્જાતા સેકટરવાસીઓએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સેકટરના કેટલાક ખાનગી રહેણાંક વિસ્તારમાં પણ પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેના અંતે સેકટરના બોરમાં પાણીની મોટર પડી જતા સપ્લાય વ્યવસ્થા ખોરવાઈ ગઈ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે કેબલમાં પણ સોટ સર્કીટ થતા સપ્લાય ખોરવાઈ ગયો હતો. આ દરમિયાન તંત્ર દ્વારા પાણીના ટેન્કર મારફતે પાણી પુરુ પાડવામાં આવ્યુ હતુ. સુત્રોના જણાંવ્યા મુજબ સપ્લાયમાં સર્જાયેલી ક્ષતિનુ નિવારણ આવી જતા રાબેતા મુજબ સેકટરવાસીઓને પાણી પુરુ પાડવામાં આવી રહયુ છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાની નેશનલ હેલ્થ મિશનની કાર્યવાહક સમિતિની આજે મહત્વની બેઠક મળી હતી.

● આર.જી. કન્યા વિદ્યાલયના શિક્ષક શ્રી ચૌહાણને ઉત્તારાયણના દિવસે નડેલ અકસ્માતને પગલે તબિયત નાજુક હોવાના સમાચારથી કડી સર્વ વિદ્યાલયના તેમજ શહેરના શિક્ષકોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના એક શંકાસ્પદ દર્દીને દાખલ કરવામાં આવેલ છે.

● ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનનો ૧૨મો પદવીદાન સમારોહ સાદગી છતાં દબદબાભરી રીતે ઉજવાયો હતો. આ સમારોહમાં સંસ્થાના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ આખા વિશ્વમાં સ્થાન મેળવી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં પ્રવર્તતી બેવડી ઋતુને પગલે સ્વાઈન ફલુના કેસો મળે તેવી શક્યતાઓ વધી રહી છે.

# આજથી અમદાવાદમાં નેશનલ ક્રાફટ ફેર

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અમદાવાદમાં રવિવાર તા. ૧૭ જાન્યુઆરીએ નેશનલ ક્રાફટ ફેર-૨૦૧૬નો પ્રારંભ કરાવશે.

જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલો આ ક્રાફટ ફેર તા. ૧૭ થી ૨૩ જાન્યુઆરી દરમ્યાન સવારે ૧૧ થી રાત્રીના ૯ કલાક સુધી ખુલ્લો રહેશે.પરંપરાગત હસ્તકલા કારીગરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ આપવા યોજાઈ રહેલા આ નેશનલ ક્રાફટ ફેરમાં ગુજરાત ઉપરાંત ૭ રાજ્યોના હસ્તકલા કારીગરો પોતાના ઉત્પાદનો વેચાણ-પ્રદર્શન માટે રાખવાના છે.

# સે- ૩ ડી હરસિધ્ધ સિધ્ધી પીઠના પ્રથમ પાટોત્સવની ઉજવણી

## પાટોત્સવ અન્વયે શતચંડી યજ્ઞ, આનંદનો ગરબો, મહાઆરતી સહીતના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર તા ૧૬

સે-૩ ડી હરસિધ્ધ પીઠ ખાતે પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી અન્વયે વિવિધ ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે નિમિત્તે આજે આનંદનો ગરબો તેમજ શતચંડી મહાયજ્ઞ અને ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવશે. પાટોત્સવની ઉજવણી અંતર્ગત તા ૧૬મી જાન્યુઆરીના રોજ ચંડીપાઠ, હનુમાન ચાલીસા પાઠ તેમજ સુંદરકાડના પાઠનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

સે-૩ ડી સ્થિત હરસિધ્ધ અન્નપુર્ણા પરિવાર દ્વારા હરસિધ્ધ સિધ્ધિ પીઠના પ્રથમ પોટાત્સવની ઉજવણી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.પીઠાધીશ વિશ્વાસભાઇ જાનીએ આ અંગે વિગત આપતા જણાંવ્યુ હતુ કે ગાંધીનગરના નગરદેવીનો પ્રથમ પાટોત્સવની ઉજવણી અન્વયે તા ૧૬ જાન્યુઆરીના રોજ બ્રાહણો દ્વારા ચંડીપાઠ કરવામાં આવ્યો હતો. જયારે હનુમાન ચાલીસા પાઠ ઉપરાંત સીતારામ પટેલ દ્વારા સુંદરકાંડના પાઠનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. તા ૧૭ જાન્યુઆરીના રોજ સવારે ૭ કલાકે ધુન સાથે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે.ત્યારબાદ ૯:૧૫ કલાકે મહાઆરતી, અને ત્યારબાદ ૯:૪૫ વાગ્યે આનંદનો ગરબો યોજવામાં આવશે. બપોરે ૨ કલાકે માતાજીનો મહાઅભિષેક, અન્નપુર્ણાબાવની પાઠ, તેમજ સંતો દ્વારા દાતાઓનુ સન્માન કરાશે. ૧૦૦૮ દિવાની આરતી યાજાશે. ત્યારબાદ રાત્રિના ૮ કલાકે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવશે. પાટેત્સવની ઉજવણી નિમિત્તે લાડોલ હરસિધ્ધ શકિતપીઠના મહંત અશ્વિન મનહરલાલ જાની ,આત્માનંદપુરી મહારાજ સહીતના સંતો આર્શીવચન પાઠવશે. નગરના મેયર હંસાબેન મોદી તેમજ ધારાસભ્ય અશોક પટેલ,ગુડાના ચેરમેન આશિષ દવે,ધારાસભ્ય શુભુજી ઠાકોર એડવોકેટ હીતેશ રાવલ,પ્રિતેશ વ્યાસ સહીત નગરના અગ્રણીઓ હાજરી આપી દર્શનનો લાભ લેશે.

## બોરીજ રેન્જ દ્વારા આજે ઉનાવામાં મેડીકલ કેમ્પ

ગાંધીનગર તા ૧૬

વન વિભાગની બોરીજ રેન્જ દ્વારા આજે ઉનાવા ગામમાં મેડીકલ ચેક અપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. સવારે ૯ થી બપોરે ૧:૩૦ કલાક દરમિયાન આ કેમ્પમાં ગ્રામજનોને આંખ, દાંત, ડાયાબીટીશ,ઈ સી જી સહીતની શારિરીક તપાસ કરી આપવામાં આવશે.જયારે આ દરમિયાન દર્દીઓને વિનામુલ્યે દવાઓનુ પણ વિતરણ કરવામાં આવશે. ગ્રામજનોને આ કેમ્પનો લાભ લેવા જણાંવાયુ છે.

## અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે સ્પોર્ટસ મીટ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર આવેલી અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે સ્પોર્ટસ મીટ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં કોથળા રેસ, ફોગ રેસ, રીલે રેસ, કરાટે સહિતની એથ્લેટીક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પોર્ટસ મીટમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે તાજેતરમાં યોજાયેલી સ્પોર્ટસ મીટમાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવામાં આવ્યો હતો. ગ્રાઉન્ડમાં માર્ચ પાસ્ટથી એથ્લેટીકસ રમતોની શરુઆત ખેલાડીઓએ કરી હતી. જેમાં કરાટે, પોમ પોમ પર્ફોર્મન્સ, માસ ડ્રિલ્સ, હોર્સ રાઈડીંગ, ગેમ જોકી, લાઈ કેરેકટર, બલુન શુંટીંગ, મેજીક સો, ટેટુ આર્ટ, પપેટ શો, મહેંદી આર્ટ જેવી અનેક કાર્યક્રમો યોજાયા હતા. જયારે એથ્લેટીક્સમાં ટ્રેક ઈવેન્ટ ઉપરાંત કોથળા રેસ, ફોગ રેસ, રિલે રેસ અને શાળા રો ગેમ્સ અને અન્ય વિવધ રમતો કે જે રાષ્ટ્રીય કક્ષાએ રમાતી હોય તેના પર શાળા દ્વારા વિશેષ ભાર મુકવામાં આવે છે. સ્પોર્ટસ ટોચ શાળાના નેશનલ લેવલના ખેલાડીઓ દ્વારા કરવામાં આવી હતી.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

॥ શ્રી ગણેશાય નમઃ ॥
શ્રી ક્રિષ્ના ફર્નિચર એન્ડ પ્લાય
રાજેશભાઇ 9687433766
પરષોત્તમભાઇ 9904162608
હરેશભાઇ 9879604963
ધમાકા ઓફર
આખાય ઘરનું ફર્નિચર ફક્ત : 30,999/-
● ડબલબેડ ● મેટ્રેસ, ઓસીકા ● વોલ ડ્રોપ ● ટીપોઈ ● સોફા
પેથાપુરમાં ૪૦૦૦ સ્કેવેર ફુટ બેઝમેન્ટમાં વિશાળ અને અદ્યતન શો રૂમ
શોપ નં. ૧૧૩/૧૨૪, મહાલક્ષ્મી કોમ્પલેક્ષ, પેટ્રોલપંપ ની બાજુમાં, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર, ગાંધીનગર.

પોલિયો રવિવાર
૧૭ જાન્યુઆરી, ૨૦૧૬
બે ટીપાં જિંદગીના
શુભારંભ
રાજ્યવ્યાપી પોલિયો નાબૂદી અભિયાનનો
શ્રીમતી આનંદીબેન પટેલ, માન. મુખ્યમંત્રીશ્રી,
શ્રી નીતિનભાઈ પટેલ, માન. આરોગ્ય, માર્ગ મકાન મંત્રીશ્રી તથા
શ્રી શંકરભાઈ ચૌધરી, માન. આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) ના
વરદ્હસ્તે ગાંધીનગર ખાતે શુભારંભ.
આપના પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસી દરેક વખતે જરૂર પીવડાવીએ
સામાન્ય શરદી, ખાંસી અથવા અન્ય માંદગી હોય તો પણ પોલિયોના બે ટીપાં પીવડાવી શકાય છે. આપના બાળકને
આજે જ નજીકના પોલિયો બૂથ ઉપર લઈ જઈ
પોલિયોના બે ટીપાં પીવડાવી પોલિયોથી અપંગ થતું બચાવો
આવો, આપણે સૌ સાથે મળી
સફળ બનાવીએ
પોલિયો રસીકરણ અભિયાન
આપ સર્વેના સાથ સહકારથી
વર્ષ - ૨૦૦૭થી આપણું ગુજરાત બન્યું
પોલિયો મુક્ત
પોલિયોથી બેવડી સુરક્ષા માટે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમના ભાગરૂપે આપના બાળકને સાડા ત્રણ મહિને ઓરલ પોલિયો વેક્સીનના ત્રીજા ડોઝ સાથે ઈન્જેક્ટેબલ આઈ.પી.વી.ની રસી પણ મમતા દિવસે અથવા નજીકના સરકારી દવાખાનામાં અચૂક અપાવો.
શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાનશ્રી, ભારત
કમિશ્નરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર
World Health Organization
CDC
unicef